# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2026-27/10 Dt. 17/06/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# શ્રીલંકા ટુરિઝમ પ્રમોશન બ્યુરો (STPB) દ્વારા યોજાયેલ રોડ શોમાં શ્રીલંકાથી પધારેલા ૪૫ થી વધુ ટુર્સ ઓપરેટર્સ સાથે સુરત સહિત દક્ષિણ ગુજરાતના ટુર્સ એજેન્ટોએ બીટુબી મિટીંગ કરી

## શ્રીલંકા માત્ર સુંદર બીચિસ માટે જ જાણીતી નથી; તે એક એવી ધરતી છે જ્યાં આધ્યાત્મિકતા, ઈતિહાસ અને સંસ્કૃતિનું અનોખું સંગમ જોવા મળે છે: ચેમ્બરના માનદ્ ખજાનચી અતુલ પટેલ

સુરતઃ શ્રીલંકા ટુરિઝમ પ્રમોશન બ્યુરો (STPB) દ્વારા ગુજરાત તેમજ દક્ષિણ ગુજરાતના વિવિધ શહેરોમાં રોડ શોનું આયોજન કરવામાં આવી રહ્યું છે, જે અંતર્ગત સોમવાર તા.૧૫ જૂન ૨૦૨૬ ના રોજ સાંજે ૦૫:૦૦ કલાકે મેરિયેટ હોટેલ, પીપલોદ, સુરત ખાતે રોડ શો યોજાયો હતો. આ પ્રસંગે શ્રીલંકાથી આવેલા ૪૫ થી વધુ ટુર્સ ઓપરેટર્સ સાથે સુરત સહિત દક્ષિણ ગુજરાતના ટુર્સ એજેન્ટોએ બીટુબી મિટીંગ કરી હતી.

આ મિટીંગ બાદ STPB દ્વારા આમંત્રિત વિવિધ એસોસિએશનના હોદ્દેદારોએ પોતાનું વક્તવ્ય રજૂ કર્યુ હતું. ઉપરોક્ત પ્રોગ્રામના અનુસંધાનમાં શ્રીલંકાથી પધારેલ કલ્ચરલ ટીમે કૃતિઓનું પ્રદર્શન કર્યું હતું.

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના માનદ્ ખજાનચી શ્રી અતુલ પટેલે પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે, શ્રીલંકા માત્ર સુંદર બીચિસ માટે જ જાણીતી નથી; તે એક એવી ધરતી છે જ્યાં આધ્યાત્મિકતા, ઈતિહાસ અને સંસ્કૃતિનું અનોખું સંગમ જોવા મળે છે. શ્રીલંકા સંસ્કૃતિ અને

સાહસથી ભરપૂર છે. યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઇટ સિગિરિયા રોક ફોર્ટ્રેસ પરથી દેખાતું અદભુત દૃશ્ય હોય કે યાલા નેશનલ પાર્કમાં ચિત્તા અને અન્ય વન્યજીવોને નજીકથી જોવાનો રોમાંચ—અહીં દરેક માટે કંઈક ખાસ છે. ભારતીયો ક્રિકેટને માત્ર રમત નહીં, પરંતુ એક લાગણી છે. કોલંબો અને કેન્ડીના ઐતિહાસિક ક્રિકેટ સ્ટેડિયમ્સની મુલાકાત લેવી દરેક ક્રિકેટ ચાહકોનું સ્વપ્ન છે. શ્રીલંકા ટૂરિઝમનું સત્તાવાર સૂત્ર છે:"Sri Lanka – You Will Come Back for More!"

આ કાર્યક્રમના અંતે શ્રીલંકા ટુરિઝમ પ્રમોશન બ્યુરો દ્વારા સુરતના ટુર્સ એજન્ટોને વિવિધ ઈનામોની જાહેરાત કરાઈ હતી. ત્યારબાદ શ્રીલંકા ટુરિઝમ પ્રમોશન બ્યુરોના આસિસ્ટન્ટ ડાયરેક્ટર સુશ્રી શિરાની હેરાત તથા શ્રીલંકન એરલાઈન્સના રિજીનલ મેનેજર શ્રી ફવઝાન ફરૈદને એસજીસીસીઆઈ દ્વારા સરસાણા ખાતે આયોજિત થનાર તા. ૨૭ અને ૨૮ જુલાઈ ૨૦૨૬ ગ્લોબલ ટ્રેડ એન્ડ ટુરિઝમ એક્ષ્પોમાં ભાગ લેવા આમંત્રિત કરવામાં આવ્યું હતું.